તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૬૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૩૯ ૨૯ જુલાઈ, ૨૦૧૬, શુક્રવાર ; અષાઢ વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## સાહિત્યકાર મહાશ્વેતા દેવીનું અવસાન

મુંબઈ,તા. ૨૮

જાણિતા સાહિત્યકાર અને સામાજિક કાર્યકર મહાશ્વેતા દેવીનું લાંબી માંદગી બાદ આજે અવસાન થયું હતું. જ્ઞાનપીઠ, પદ્મવિભૂષણ અને મેગ્સેસે એવોર્ડ જીતી ચુકેલા મહાશ્વેતા દેવીનું કોલકાતાની હોસ્પિટલમાં અવસાન થયું હતું. તેઓ લાંબા સમયથી બિમાર હતા. મહાશ્વેતા દેવી ૯૦ વર્ષના હતા. દેવી વય સાથે સંબંધિત બિમારીઓથી ગ્રસ્ત હતા. કિડની અને ફેફસાની તકલીફ હતી. આ ઉપરાંત લોહીના બેકટેરિયાના ઈન્ફેકશન હતા. સામાજિક કલ્યાણના ક્ષેત્રમાં તેમની જુદી જુદી ભૂમિકા હતા. વર્ષ ૧૯૨૬માં ઢાકામાં જન્મેલા મહાશ્વેતા દેવી કોલકાતા યુનિવર્સિટીમાંથી એમએ થયા હતા.

# દાળના વધતા ભાવ સામે સંસદમાં ઉહાપોહ

**દાળ સહિતની ચીજોના ભાવ ક્યારે ઘટશે : રાહુલ ગાંધીનો વેધક પ્રશ્ન : લોકસભામાં ગરમાગરમ ચર્ચા વચ્ચે મોદી ઉપર આકરા પ્રહાર : દાળ, ટામેટા, બટાકાના ભાવ બેકાબૂ છે : ઉધોગપતિઓને સાચવવાની સાથે સાથે ખેડૂત અને મજુર તરફ ધ્યાન જરૂરી : રાહુલનું સૂચન**



નવીદિલ્હી,તા. ૨૮

લોકસભામાં આસમાને પહોંચેલી મોંઘવારીના મુદ્દા ઉપર આજે ગરમાગરમ ચર્ચા થઈ હતી. આ ચર્ચા દરમિયાન કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ લોકોને સતાવી રહેલા મોંઘવારીના તમામ મુદ્દા જોરદારરીતે ઉઠાવ્યા હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહાર કર્યા હતા. મોદી સરકાર ઉપર પ્રહાર કરતા રાહુલે કહ્યું હતું કે, આજે દેશમાં દાળ સહિત તમામ ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. ભાવ બેકાબૂ થયેલા છે. રાહુલે કહ્યું હતું કે, સ્ટાર્ટઅપ, સ્ટેન્ડઅપ જેવા કાર્યક્રમો ઈચ્છા મુજબ શરૂ કરે તેમાં દેશના લોકોને કોઈ તકલીફ નથી પરંતુ સંસદને એક તારીખ એવી પણ આપવાની જરૂર છે. જે ગાળા દરમિયાન દાળ અને અન્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થશે. મોંઘવારીના મુદ્દા ઉપર આક્રમક વલણ રાહુલ ગાંધીએ અપનાવ્યું હતું. રાહુલે વડાપ્રધાનના ભાવ વધારાને કાબૂમાં લેવાના લોકસભા ચૂંટણી દરમિયાન આપવામાં આવેલા વચનની પણ યાદ અપાવી હતી. રાહુલે કહ્યું હતું કે, કેટલા પણ પોકળ વચનો આપો

● અનુસંધાન પાન-૭ પર

## તીવ્ર ભાવ વધારો સિઝનલ પરિબળના લીધે છે : જેટલી

**યુપીએ સરકાર વેળા ફુગાવો બે આંકડામાં હતો : ભાવ વધારાને કાબૂમાં લેવા બનતા બધા પગલા લેવાયા છે અને હજુ લેવાઈ રહ્યા છે : અરુણ જેટલીની ખાતરી**



નવી દિલ્હી,તા. ૨૮

ભાવ વધારાના મુદ્દે લોકસભામાં આજે ગરમાગરમ ચર્ચા થઈ હતી. રાહુલ ગાંધીએ મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. જેના જવાબમાં નાણામંત્રી અરુણ જેટલીએ પણ સરકાર તરફથી રજૂઆત કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, હાલમાં થઈ રહેલા ભાવ વધારાની બાબત સિઝનલ આધાર પર છે. ભાવ વધારો ટૂંકમાં જ કાબૂમાં આવી જશે. કારણ કે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. જેટલીએ કહ્યું હતું કે, યુપીએના શાસનકાળ દરમિયન પોલિસી પેરાલીસીસની સ્થિતિ હતી. અગાઉની સરકાર પાસેથી જ્યારે નવી સરકારે જવાબદારી લીધી ત્યારે ફુગાવો બે આંકડામાં હતો. સરકારના પગલાના લીધે સ્થિતિ કાબૂમાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# દક્ષિણ-પશ્ચિમ મોનસુન સામાન્યથી વધુ રહેશે

**આ મહિનાના અંત સુધી ફરીવાર વરસાદની આગાહી કરાશે : હજુ સુધી દક્ષિણ પશ્ચિમ મોનસુનનો આંકડો સામાન્યનો ૧૦૦ ટકા રહ્યો છે જુલાઈમાં વરસાદ ૧૦૭ ટકાની આગાહીની સામે એલપીએના ૧૦૮ ટકા**

નવીદિલ્હી,તા. ૨૮

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) સામાન્ય કરતા વધુ વરસાદ રહેવાની વર્ષ ૨૦૧૬ની તેની આગાહી ઉપર હજુ પણ મક્કમ છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન આ વખતે સામાન્ય કરતા વધુ રહેશે તેવી આગાહી અગાઉ કરવામાં આવી ચુકી છે. હવે હવામાન વિભાગ તરફથી મહિનાના અંત સુધીમાં તેના બીજા તબક્કાની આગાહી જારી કરવામાં આવી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે,આ આગાહીમાં નજીવો ઘટાડો પણ કરવામાં આવી શકે છે. ૨૮મી જુલાઈ ૨૦૧૬ સુધીના વરસાદની વાત કરવામાં આવે તો એલપીએના ૧૦૮ ટકા સુધી રહી છે. હવામાન વિભાગે જુલાઈ મહિનામાં એલપીએના ૧૦૭ ટકા વરસાદની વાત કરી હતી. જુલાઈ મહિનો ખરીફ પાકની વાવણી માટે સૌથી મહત્વપૂર્ણ મહિનો હોય છે. કારણ કે ચાર મહિનાના દક્ષિણ પશ્ચિમ મોનસુનની સિઝનમાં મહત્તમ વરસાદ જુલાઈ મહિનામાં પડે છે.

જૂન અને સપ્ટેમ્બર સુધીનો ગાળો વરસાદનો રહે છે. હકીકતમાં ઉભા પાક માટે સામાન્ય વરસાદ વધુ યોગ્ય રહે છે જયારે સામાન્ય વરસાદ કેટલાક ભાગમાં પાણી ભરાઈ જવાની સ્થિતિ પણ સર્જે છે. લોંગ રેંજ માટેના આઈએમડી ડિરેક્ટરનું કહેવું છે કે, હજુ સુધી આગાહીમાં ઘટાડો કરવા માટે કોઈ કારણ દેખાઈ રહ્યા નથી પરંતુ અમે પરિબળો અને પ્રમાણમાં અભ્યાસ કરી રહ્યા છે.

મહિનાના અંત સુધીમાં અંતિમ કારમ જારી કરવામાં આવશે. આ મહિનામાં મોડેથી વર્ષ ૨૦૧૬ના મોનસુન માટેની આગાહી કરવામાં આવનાર છે. આઈએમડી દ્વારા આ મહિનામાં મોડથી બીજા ગાળાની આગાહી થશે. એપ્રિલમાં પ્રથમ આગાહી કરવામાં આવી હતી. ત્યારબાદ જૂનમાં આગાહી કરવામાં આવી હતી અને કહ્યું હતું કે, વરસાદ એલપીએના ૧૦૬ ટકા સુધી રહેશે.

## રાજ્યમાં ૧૩ કરોડથી વધુ રોપા વાવવાનો લક્ષ્યાંક

**રાજ્યમાં ચાર નવા સાંસ્કૃતિક વનનું નિર્માણ : ગુજરાતમાં ૧૬ વન : ગુજરાત વૃક્ષાચ્છાદિતમાં ત્રીજા ક્રમે**

ગાંધીનગર, તા.૨૮

વન મહોત્સવ દરમિયાન ગુજરાતમાં ૧૩ કરોડથી વધુ રોપા વાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. ૬૭માં વન મહોત્સવ અંતર્ગત રાજ્યમાં ચાર નવા સાંસ્કૃતિક વનનું નિર્માણ કરવામાં આવનાર છે. રાજ્યમાં કુલ ૧૬ વન થઈ ગયા છે. વર્ષ ૧૯૫૦થી દેશમાં વન મહોત્સવની શરૂઆત થઈ હતી. ગુજરાત વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં દેશમાં ત્રીજા ક્રમે છે. વન છે તો જીવન છે આ સુત્રને ગુજરાત વન વિભાગે સાચા અર્થમાં સાર્થક કર્યુ છે. રાજ્યમાં ૬૭મા રાજ્યકક્ષાના વન મહોત્સવ-૨૦૧૬ ઉજવણીના ભાગરૂપે વિવિધ સ્થળોએ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે મહિસાગર વન, આમ્ર વન, એકતા વન અને શહીદ વન એમ કુલ ચાર નવા સાંસ્કૃતિક વનનું નિર્માણ કરવામાં આવશે. જેમાંથી તાજેતરમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં વહેરાખાડી ખાતે મહીસાગર વનનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં ચાર નવા સાંસ્કૃતિક વનના નિર્માણની સાથે કુલ ૧૬ વન થશે. રાજયમાં વન મહોત્સવ ઉજવણી સાથે સાંસ્કૃતિક વનનું નિર્માણ કરી લોકાર્પણની પહેલ સને ૨૦૦૪માં રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી. ગયા વર્ષ સુધી ગુજરાત રાજયના વન મહોત્સવ ઉજવણીના ભાગરૂપે ૧૨ સાંસ્કૃતિક વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. સાંસ્કૃતિક વનની તમામ જગ્યાઓ ઐતિહાસિક ધાર્મિક સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે. એ જગ્યાઓનું મહત્વ સામાન્ય જનતા સુધી પહોંચે, સાથો સાથ તે જ જગ્યાની મુલાકાત લેતા વ્યક્તિઓને વૃક્ષ ઉછેર અને વૃક્ષો અંગે જાણકારી મળે સાથો સાથ તે સ્થાનનું મહત્વ પર્યટનની દૃષ્ટિએ વધે તેવા ઉદ્દેશથી સાંસ્કૃતિક વનનું નિર્માણ કરવામાં આવે છે.



ભવ્ય પ્રવેશદ્વાર - અમદાવાદના કેન્ટોનમેન્ટ વિસ્તારમાં પ્રસિદ્ધ કેમ્પના હનુમાનજીના મંદિરનું પ્રવેશ દ્વાર ભવ્યાતિભવ્ય રીતે તૈયાર કરાઈ રહ્યું છે... પૌરાણિક રજવાડાનો કલાત્મક લુક આપી પ્રવેશદ્વારને આકર્ષક બનાવાયું છે...

## રાજ્યમાં ખરીફ યોજનાને અમલી બનાવવાની તૈયારી

અમદાવાદ, તા.૨૮

પાક વીમા યોજનાને ખેડુતો માટે વધુ સરળ અને પરવડે તેવી બનાવવાના ઉદ્દેશથી ભારત સરકારે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનો ખરીફ-૨૦૧૬થી પ્રારંભ કર્યો છે.

ગુજરાત સરકારે પણ તેને અનુસરતા રાજયમાં ખરીફ-૨૦૧૬ના અમલીકરણ માટે કલસ્ટર અનુસાર અમલકર્તા એજન્સી તરીકે કલસ્ટર-૧ માટે અગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લીમીટેડ, કલસ્ટર-૨ અને ૩ માટે એચડીએફસી એગ્રો જનરલ ઈન્સ્યોરન્સ કંપનીની નિમણૂંક કરી છે. આ દિશામાં રાજય સરકારે અમલીકર્તા એજન્સીને ખેડુતોના કવરેજ, આવરી લેવાયેલ પાક, નિર્ધારિત વિસ્તારો, પાક અને જિલ્લા મુજબ વીમાની રકમ, નુકસાન ભરપાઈનું સ્તર, ખેડુતો માટેના પ્રીમીયમ દર, બેન્કોને વીમા દરખાસ્ત મોકલવાની છેલ્લી તારીખ, બેન્કો દ્વારા સંયુક્ત એકરારનામુ અને ઉપજની માહિતી આપવાની છેલ્લી તારીખ વગેરે અંગેના નિર્ણયો લીધા છે.

## રાજ્યમાં ૪૯ ટકા ઓછા વરસાદથી પાકને નુકસાન

**ગુજરાત અને ઓરિસ્સામાં ઓછો વરસાદ : ઓછા વરસાદના પરિણામે પાકને સૌથી વધારે નુકસાન**

અમદાવાદ,તા. ૨૮

મોનસુનની ધીમી શરૂઆત થયા બાદ ગુજરાત અને ઓરિસ્સા સિવાય દેશના બાકી રાજ્યોમાં સારા વરસાદના પરિણામ સ્વરુપે ખેડૂતોના ચહેરા ખુશીનું મોજુ ફરી વળ્યું છે. ૪૯ ટકા ઓછા વરસાદના કારણે ગુજરાતમાં પાકને સૌથી વધારે નુકસાન થયું છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આંકડા સાથે માહિતી આપ્યા બાદ તમામ વિગત સપાટી ઉપર આવી છે. ક્રિશિલના અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. ગુજરાત ઓછા વરસાદ સાથે સંબંધિત ઈન્ડેક્સમાં સૌથી ઉપર છે. ડેફિસિયેન્ટ રેઈનફોલ ઈન્પેકટ પેરામીટર ઈન્ડેકસમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. ગુજરાત આ ઈન્ડેક્સમાં ૨૮.૨ના સ્કોર સાથે પ્રથમ સ્થાને છે. જ્યારે ઓરિસ્સા ૧૨.૨ના સ્કોર સાથે બીજા સ્થાને છે. ડીઆરઆઈપી સ્કોર એક પ્રકારના ઈન્ડેક્સ તરીકે છે જેની ગણતરી વરસાદ અને બિનસિંચાઈના વિસ્તાર સાથે રહે છે. ૨૫મી જુલાઈ સુધીના આંકડાની વાત કરવામાં આવે તો ગુજરાતમાં ઓછો વરસાદ નોંધાયો છે. આ ઈન્ડેકસનો મતલબ એ છે કે, ઉંચા સ્કોરની સ્થિતિમાં પાકને નુકસાન વધારે રહે છે. આવી સ્થિતિમાં ગુજરાતનો સ્કોર સૌથી વધુ છે. ત્યારબાદ હરિયાણા, બિહાર, કર્ણાટક, પંજાબ અને અન્ય રાજ્યોના સ્થાન આવે છે. ગુજરાત ભારતના બાજરીના ઉત્પાદનમાં ૧૧ ટકા હિસ્સો આપે છે જ્યારે તુવેરનો નવ ટકા અને મગફળીનો ૩૯ ટકાનો હિસ્સો આપે છે. કપાસમાં ૨૯ ટકાનો હિસ્સો આપે છે. ગુજરાત અને ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો વરસાદ થયેલો છે.

## આગામી ૨૪ કલાક દરમિયાન મધ્યમથી ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમિયાન મધ્યમથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ફરી હળવા દબાણના કારણે સિસ્ટમ ઉભી થતાં ગુજરાતમાં વરસાદ મંડરાયો છે. રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમિયાન મધ્યમથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના હવામાનમાં પલટો આવ્યો છે. અને મોટા ભાગના વિસ્તારોમાં ઠંડા પવન સાથે વાદળછાયા વાતાવરણ સાથે વરસાદી માહોલ જામ્યો છે.


ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
કપલ / ફેમીલી ટુર
આંદામાન
હેવલોક - નીલ - બારાટાંગ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ
કાશ્મીર પહેલગામ-ગુલમર્ગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
કુર્ગ-કબિની વાયનાડ-હસન
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
સ્વતંત્ર પેકેજ હોટલ એર બુકીંગ
નુતન ટ્રાવેલ્સ Since 1951 26562324/22 9427455274 9408643756
કરીશ્મા, સ્ટેડીયમસર્કલ, સી.જી. રોડ, અમદાવાદ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET

DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

ફેબ્યુલસ ફુડીસ કલબ દ્વારા આયોજીત
વુમન એમ્પાવરમેન્ટ શો
ગાંધીનગરમાં પ્રથમવાર એકઝીબિશન (એન્ટ્રી ફ્રી) અને લાઈવ કુકીંગ શો
તા. ૩૧/૭/૨૦૧૬, રવિવાર ૧૦:૩૦ થી ૬:૩૦ સુધી
આયોજક
દિપાલી રાવલ : ૯૮૨૪૪૧૧૭૨૦
દક્ષા જાદવ : ૯૮૭૯૦૫૭૯૭૮
૩ થી ૫ કુકીંગ શો
એન્ટ્રી ફી ૩૦ /-
શેફ
કનીનીકા મહેતા
૯૮૭૯૯૭૭૨૮૬
બલરામ મંદિર, બેઝમેન્ટ હોલ, સેકટર-૧૨, ગાંધીનગર